ગાંધીનગર સમાચાર

ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળ્યા

# શહેરમાં બે દિવસમાં ડેન્ગ્યુના ૬ કેસ

## ૧૧ વર્ષના બાળ દર્દી સહિત નોંધાયેલા કેસો : સે. ૩, ૬, ૭ અને ૨૭માં આ દર્દીઓ મળી આવ્યા છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા બે દિવસમાં ડેન્ગ્યુના ૬ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાંથી આ સિઝનમાં નોંધાયેલા ડેન્ગ્યુ કેસના દર્દીઓની સંખ્યા ૬૦ને પાર કરી ગઈ છે.

ગાંધીનગર શહેરના સે. ૩, ૬, ૭ અને ૨૭માંથી આ કેસ મળી આવતાં તંત્ર દ્વારા ત્યાં તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં નોંધાયેલા આ ૬ કેસમાં ૧ મહિલા દર્દી અને એક બાળ દર્દીનો પણ સમાવેશ થાય છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વખતે ડેન્ગ્યુનો વાહકજન્ય રોગચાળો પુરૂષોમાં વધુ જોવા મળ્યો છે. પુરૂષો દિવસ દરમ્યાન સતત બહાર રહેતા હોવાથી તેમજ રોજગારી માટે અમદાવાદ સહિતના સ્થાનો પર જતા હોવાથી મોટાભાગના કેસો પુરૂષોના નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી મેલેરિયા તંત્ર દ્વારા પણ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની આજે કામગીરી દરમ્યાન ૨૦ હજારથી વધુ મકાનોની ચકાસણી કરવામાં આવી છે. ૪૦ હજારથી વધુ પાત્રોની ચકાસણી કરી હતી જે પૈકી ૪૯૦ જેટલા પાત્રોમાંથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રએ તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી છે.

તંત્રની આજની ચકાસણી દરમ્યાન ૬૦ જેટલા દર્દીઓ તાવના મળી આવતાં તેમના લોહીના નમૂના લઈ ચકાસણી માટે મોકલી આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરને ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં મુકવામાં આવેલ છે. આ વખતે તંત્ર જેને સંવેદનશીલ વિસ્તાર ગણતુ રહ્યુ હતુ તેના કરતાં નવા સેક્ટરોમાંથી વધુ કેસ મળતાં તંત્રની દોડધામમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

તંત્રના સૂત્રોનું કહેવું છે કે વાહકજન્ય રોગચાળામાં શહેરની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. જો કે છુટા છવાયા કેસો જરૂર મળી આવ્યા છે.

# આયોજન સમિતિની ૨૦ બેઠકો માટે ૧૫૧ મતદારોએ મતદાન કર્યું

## કોંગ્રેસના સભ્યોને મતદાનની તાલિમ અપાઈ તો ભાજપે સભ્યોને મતદાનની સમજૂતી આપી : બે નગર સેવકો અનિવાર્ય સામાજિક કારણોસર મતદાન માટે આવી શક્યા નહિ




ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા આયોજન સમિતિની ૨૦ બેઠકો માટે આજે યોજાયેલ ચૂંટણીમાં ૧૫૧ મતદારોએ મતદાન કર્યુ હતુ. નગરપાલિકાની ચાર બેઠકોમાં કોંગ્રેસના બે સભ્યોએ અનિવાર્ય સામાજીક કારણોસર મતદાન કરી શક્યા ન હતા.

પેથાપુર અને દહેગામ નગરપાલિકાના એક-એક સભ્ય અનિવાર્ય સામાજિક કારણોસર મતદાન કરી શક્યા ન હતા. ભાજપ-કોંગ્રેસ બન્નેએ આ ચૂંટણીમાં વિજયના દાવાઓ કર્યા છે.

દરમ્યાન ભાજપના જયેશ ચૌધરીએ બોગસ મતદાનની ફરિયાદ સાથે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા રદ કરવાની માંગ પ્રભારી મંત્રી નિર્મલાબેન વાઘવાણી સમક્ષ કરી છે. જો કે તેમણે જિલ્લા કલેક્ટર અને ડીડીઓને આપેલ લેખિત ફરિયાદમાં બોગસ મતદાન થયાની વાત કરી છે. તેમણે ચોક્કસ સમયની વિડીયોગ્રાફી એક મહિલા મતદારના મતદાનની ન થઈ હોવાની વાત કરી છે.

આજે સવારથી શરૂ થયેલા મતદાનમાં પંચાયત વિભાગની ૧૬ બેઠકો માટેનું ૧૦૦ ટકા મતદાન ૧.૩૦ સુધીમાં સંપન્ન થઈ ગયું હતુ. જ્યારે નગરપાલિકાની ચાર બેઠકો પર ૯૮.૩૭ ટકા મતદાન નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# દિવાળી આવી પણ સેકટરોમાં હજુ અંધારૂ ઉલેચાતુ નથી

## તંત્ર પણ અંધેર હાલતમાં : સાંજ ઢળતા સેકટરોમાં રહીશોને દિશા સુઝતી નથી : એલ ઈ ડી લાઈટનો જગમગાટ કરવાની સોહામણી વાતો વચ્ચે હાલ અંધારપટ્ટનુ સામ્રાજય

ગાંધીનગર તા ૧૮

દિવાળી આવી પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. ચોમાસા બાદ સ્ટ્રીટ સેકટરોમાં ૫૦ ટકાથી વધુ સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરમાં છેલ્લા ત્રણ મહીનાથી સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે ગઈ છે. ટોરેન્ટ પાવરને સ્ટ્રીટ લાઈટની જાળવણીમાં રસ નથી. ત્યારે સમગ્ર શહેરને એલ ઈ ડી લાઈટના અજવાળાથી જગમગતુ કરવાની સોહામણી વાતો વચ્ચે હાલ દિવાળી ટાંણે સેકટરોની શેરીઓમાં ઉજાસ પથરાય તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ ઉઠવા પામી છે. સેકટરોના આંતરિક માર્ગ પર સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના લીધે મહીલાઓ તેમજ સિનિયર સિટીઝન્સમાં ભયની લાગણી વ્યાપી છે. જયારે તસ્કરોની વૃતિને પણ પ્રોત્સાહન મળી રહયુ છે. બીજીતરફ પાટનગર યોજના ભવનનુ ઈલેક્ટ્રીક ડિવીઝન એલ ઈ ડી લાઈટના પ્રોજેકટની વાતો વાગોળે છે. પરંતુ એલ ઈ ડી લાઈટ શરૂ થાય ત્યાં સુધી સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સુવિધાને યોગ્ય કરવા માટે તદન નિષ્ક્રીયતા સેવાઈ રહી છે. તંત્ર જ જાણે અંધેર હાલતમાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર થાંભલાઓની જાળવણીનુ કામ હાલ અધ્ધરતાલ હોય તેવુ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જાળવણી તેમજ વિજ બીલ પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પરંતુ આ ખર્ચ પણ માથે પડતો હોય તેવી હાલત છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યાઓની રજુઆત કરી રહીશો થાકી ગયા છે. પરંતુ અંધારપટ્ટ દુર થતો નથી. શહેરમાં એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પાથરવાની યોજના તૈયાર થઈ ગઈ હોવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રીએ કરી છે. પરંતુ હાલ સ્ટ્રીટ લાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાથી રહીશો અંધારપટ્ટ વચ્ચે દિશાવિહીન બને તેવી સ્થિતિ છે. સેકટરોમાં ચોમાસાના અંતે પણ સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલાની સમસ્યાનો નિકાલ આવ્યો નથી. નવરાત દરમિયાન પણ સેકટરોને અધારપટ્ટે ભરડો લીધો હતો. જયારે દિવાળી ટાંણે એકબાજુ જોરશોરથી એલ ઈ ડી લાઈટના પ્રોજેકટની સોહામણી વાતો થાય છે. પરંતુ હાલની સ્થિતિને ધ્યાને લઈ બંધ લાઈટો ચાલુ કરવા માટે કોઈ એકશન લેવાતા નથી જેના લીધે સેકટરવાસીઓની મુંઝવણ વધી છે. સે- ૩ માં પણ લાઈટો ડુલ છે.

# પ્રેસ સર્કલ પાસે ફુટપાથ વચાળે મોટુ મસ ગાબડુ ગમે ત્યારે જોખમી સાબિત થશે

## શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો ખર્ચાયા પરંતુ જાળવણીનુ કામ રામભરોસે



ગાંધીનગર તા ૧૮

શહેરના ઘ માર્ગ પર ઘ-૭ પાસે પ્રેસ સર્કલ નજીક ફુટપાથ વચાળે મોટુ મસ ગાબડુ અસ્તિત્વમાં આવ્યુ છે. વોક વે પર વચ્ચે જ ગાબડુ અસ્તિત્વમાં આવતા ગમે ત્યારે રાહદારી અકસ્માતનો ભોગ બને તેવી દહેશત છે. શહેરમાં ફુટપાથના સમારકામ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ પણ કામને મંજુરી ન અપાતા ફુટપાથની કંગાળ હાલત આમ નાગરિકો માટે સમસ્યારૂપ બની છે.

શહેરમાં મુખ્ય માર્ગો તેમજ સેકટરોના એપ્રોચ રસ્તા આસપાસ ફુટપાથની આભા ઉભી કરવામાં આવી છે. ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમછતા ફુટપાથની જાળવણીના નામે મીંડુ હોવાના લીધે સેકટરવાસીઓ પરેશના છે. કેટલાક ઠેકાણે ફુટપાથની કામગીરીમાં ગુણવત્તા જળવાતી ન હોવાના લીધે ટાઈલ્સો ખખડે છે. જયારે નિયત સમયના અંતે ફુટપાથની જાળવણી માટે પણ કોઈ પગલા ન લેવાતા વોક વે નો ઉપયોગ કરવાનુ કામ દુવિધારૂપ

● અનુસંધાન પાન-૭ પર

# લોકરક્ષકની ૧૭૫૩૨ જગ્યા માટે ૭.૮૨ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે

## રવિવારે પરીક્ષા : રાજયમાં ૨૦૮૨ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી : પરીક્ષાના અંતે કોન્સ્ટેબલની ઘટનો પ્રશ્ન હલ થશે

ગાંધીનગર તા ૧૮

લોકરક્ષકની ભરતી માટે આગામી તા ૨૩ ઓકટોબરના રોજ પરીક્ષા લેવાશે. લોકરક્ષક ભરતી બોર્ડ આયોજિત પરીક્ષામાં રાજયમાંથી ૭૮૨૭૩૦ ઉમેદવારો નોંધાયા છે. જયારે ભરતી અન્વયે ૧૭૫૩૨ જગ્યા ભરવામાં આવશે. રાજયના ૨૦૮૨ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાની કાર્યવાહી યોજાશે. કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પરીક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવાશે. મહીલા ઉમેદવારો પણ વિશેષ સંખ્યામાં પરીક્ષા આપશે.

રાજયમાં હાલ સ્પર્ધાત્મક પરીક્ષાઓનો દૌર ચાલી રહયો છે. ગત સપ્તાહમાં ઓફિસ આશિષ્ટન્ટની પરીક્ષા યોજવામાં આવી હતી. જયારે આગામી રવિવારે લોકરક્ષકની ભરતી માટે પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૦૦થી વધુ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળ્યા

## બીજા દિવસે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં બે લાખથી વધુ વ્યક્તિઓને આવરી લેવાયા



ગાંધીનગર, તા. ૧૮

વાહકજન્ય રોગચાળાના દર્દીઓ શોધવાના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના બીજા દિવસે બે લાખથી વધુ વ્યક્તિઓને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ આ સ્પેશ્યલ ડ્રાઈવ ઝુંબેશમાં ૪૩,૯૫૪

● અનુસંધાન પાન-૭ પર

શ્રધ્ધાંજલિ



પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી પ્રભુને પ્રાર્થના..

શિવાભાઈ કરશનભાઈ પટેલ (દશેલાવાળા) (એસ.કે)
સ્વ. તા. ૧૫-૧૦-૨૦૧૬(શનિવાર)

સોલંકી અરવિંદસિંહ અમરસિંહ
ચેરમેન કારોબારી સમિતિ ગાં.જિ. પ
રાઠોડ સવધાનજી મહોતજી
માજી.ચેરમેન ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ
રાજીબેન બળદેવભાઈ રાઠોડ
માજી.ચેરમેન ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ
મંગુબેન શનાભાઈ પટેલ (જિલ્લા સદસ્ય છાલા)
બેચરજી સવધાનજી ઠાકોર
જિલ્લા પંચાયત સદસ્ય કુડાસણ
શનાભાઈ લવજીભાઈ પટેલ (માજી સરપંચ,ગિયોડ)
શિવાભાઈ નાથુભાઈ ચૌધરી (દશેલા )
કનુભાઈ અંબાલાલ પટેલ (દશેલા)
બાબુભાઈ મોતીભાઈ ચૌધરી (દશેલા)

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ-ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ
વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક
અરિહંત ડ્રાયફ્રુટ્સ
સંપર્ક : હેમાંગ ગાંધી
(ફોન : ૯૩૭૭૭ ૨૩૧૬૪)
૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ(બેઝમેન્ટ),
સે.-૩૦ ચાર રસ્તા, ગાંધીનગર

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેરાત

### ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત

રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, સેક્ટર-૧૫, ખ-૫, ગાંધીનગર

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન-ગુજરાત (ગાંધીનગર) એગુજરાત રાજ્ય-સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સીટીનો દરજ્જો ધરાવતીદેશની એકમાત્ર શિક્ષકો માટેની યુનિવર્સીટી છે. યુનિવર્સીટી સામાજિક જવાબદારીના ભાગ-રૂપે આગામી સમયમાં નીચેના ટ્રેનીંગ પ્રોગ્રામ કરવા જઈ રહેલ છે.

| તારીખ | વિગત | કોના માટે | કુલ પ્રતિભાગી | પ્રોગ્રામ ફી | આખર તારીખ |
|---|---|---|---|---|---|
| ૨૨-૨૩ ઓક્ટોબર ૨૦૧૬ | Wrokshop on Funfest | ધો. ૫થી૮ના વિદ્યાર્થીઓ | ૩૦ | રૂ. ૧૦૦/- | ૨૦ઓક્ટોબર, ૨૦૧૬ |
| ૨૨-૨૩ ઓક્ટોબર૨૦૧૬ | Wrokshop on Dramatics as a Life Skill | ધો. ૯થી૧૨ ના વિદ્યાર્થીઓ | ૩૦ | રૂ. ૨૫૦/- | ૨૦ઓક્ટોબર, ૨૦૧૬ |
| ૨૫-૨૬ ઓક્ટોબર ૨૦૧૬ | Wrokshop on Impactful Public Speaking and Effective Public Speaking Skills | કોલેજ ના વિદ્યાર્થીઓ | ૩૦ | રૂ. ૨૫૦/- | ૨૨ ઓક્ટોબર, ૨૦૧૬ |
| ૧૯-૨૦ નવેમ્બર ૨૦૧૬ | Wrokshop on Educational Technology for Classroom Teaching | શાળાના શિક્ષકો | ૩૦ | રૂ. ૨૫૦/- | ૧૭નવેમ્બર, ૨૦૧૬ |

ઉપરોક્ત ટ્રેનીગ પ્રોગ્રામ જે-તે વિષયના તજજ્ઞો દ્વારા ચલાવવામાં આવશે. ટ્રેનીગ પ્રોગ્રામમાં પ્રવેશ વહેલાતે પહેલાના ધોરણે આપવામાં આવશે. યુનિવર્સીટી દ્વારા નાસ્તા અને ભોજનનીવ્યવસ્થા કરી આપવામાં આવશે. રેહવાની વ્યવસ્થા પ્રતિભાગીએ સ્વખર્ચે કરવાની રેહશે.રસ ધરાવતા પ્રતિભાગીઓએવહેલા તે પહેલા ના ધોરણે ૧૧ થી ૬ દરમ્યાન યુનિવર્સીટી ખાતે શ્રી જતીન ભટ્ટ, વિદ્યાર્થી કલ્યાણ અધિકારીનો સંપર્ક (મો. ૯૯૭૮૪૦૭૩૩૨)કરી પ્રોગ્રામ-ફી જમા કરાવવાની રેહશે. ટ્રેનીંગ વિશેની બધી માહિતી યુનિવર્સીટીની વેબસાઈટ www.iite.ac.inપર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

જા.ક્ર. IITE/Esta./821/2016
તા. ૧૭/૧૦/૨૦૧૬

સહી/-
ઈ.રજીસ્ટ્રાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com